# આસપાસ ચોપાસ

# વાંકલા (રાજવાડ)




## કાકરાપાર વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર બન્યું કૌશલ્ય ઘડતરનું મુખ્ય ધામ

અહીં લીલા અને સફેદ રંગનો વિશાળ મુખ્ય પ્રવેશદ્વાર ધરાવતું વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર-કાકરાપાર આવેલું છે. આ તાલીમ કેન્દ્રનું સમગ્ર પરિસર એકદમ હરિયાળું અને શાંત છે, જેમાં આજુબાજુ ઘટાદાર વૃક્ષો, ચાલવા માટે પેવર બ્લોકવાળો રસ્તો અને સુશોભન માટે રંગબેરંગી ધ્વજ લગાવેલા જોવા મળે છે. આપની માહિતી મુજબ અહીં એકસાથે 100 જેટલા વિદ્યાર્થી કે તાલીમાર્થીને તાલીમ આપવામાં આવે છે. આટલા મોટા સમૂહ માટે તાલીમ વર્ગો, વર્કશોપ, સભાઓ અને શૈક્ષણિક સત્રોનું આયોજન કરવા માટે પરિસરમાં 'સેમિનાર હોલ'ની સુંદર માળખાકીય સુવિધા પણ આવેલી છે. વન વિભાગ દ્વારા આવા વિશાળ અને કુદરતી વાતાવરણમાં તાલીમનું આયોજન થવાથી વિદ્યાર્થીઓને પ્રકૃતિની વચ્ચે રહીને અભ્યાસ કરવાની ખૂબ સારી તક મળે છે. વાંકલા ગામ નજીક કાર્યરત કાકરાપાર વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર નવનિયુક્ત અને ફરજ બજાવતા વનકર્મીઓ માટે આધુનિક તાલીમનું હબ બની ગયું છે. તાપી નદી અને કાકરાપાર ડેમ નજીકના વન્ય વિસ્તારની સરહદે આવેલી આ અત્યાધુનિક સંસ્થા વન વિભાગની કાર્યક્ષમતા વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવી રહી છે. બીટગાર્ડ અને ફોરેસ્ટર માટે સઘન તાલીમ આ તાલીમ કેન્દ્રમાં ખાસ કરીને બીટગાર્ડ અને ફોરેસ્ટર કક્ષાના તાલીમાર્થીઓને જંગલ અને વન્યજીવ સંરક્ષણ માટે સજ્જ કરવામાં આવે છે. તાલીમ કાર્યક્રમ અંતર્ગત શારીરિક સજ્જતા માટે ડ્રિલ, યોગ અને રમતગમત પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. ઉપરાંત કર્મચારીઓને કાયદાકીય સમજ, વન ગુનાઓનો ઉકેલ, વન વિભાગની સરકારી યોજનાઓ, ઈકો-સિસ્ટમની જાળવણી તેમજ વિવિધ વૃક્ષો અને ઔષધિઓની સચોટ ઓળખની પ્રાયોગિક તાલીમ અપાય છે. દરિયાઈ જીવસૃષ્ટિ સંરક્ષણ પર વિશેષ ભાર જંગલોની સાથે સાથે તટીય વિસ્તારોની સુરક્ષા માટે પણ આ કેન્દ્ર સક્રિય છે. ફ્રન્ટલાઇન વન અધિકારીઓ માટે દરિયાઈ જીવસૃષ્ટિ સંરક્ષણ સંબંધિત ખાસ વર્કશોપનું આયોજન પણ અહીં સમયાંતરે કરવામાં આવે છે. સાથોસાથ, કર્મચારીઓમાં સંચાર કૌશલ્ય અને વહીવટી કુશળતા વિકસાવવાના પાઠ પણ ભણાવવામાં આવે છે. અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ આ તાલીમ કેન્દ્ર ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (DCF-ટ્રેનિંગ વિંગ)ના સીધા માર્ગદર્શન હેઠળ કાર્ય કરે છે. વનકર્મીઓને શ્રેષ્ઠ વાતાવરણ પૂરું પાડવા માટે અહીં સુસજ્જ ક્લાસરૂમ, આધુનિક લર્નિંગ ફેસિલિટીઝ અને રહેવા-જમવાની ઉત્તમ સુવિધાઓ ધરાવતી હોસ્ટેલનું નવું માળખું ઊભું કરવામાં આવ્યું છે.





## ખેતી, સિંચાઈ અને 'નલ સે જલ' વ્યવસ્થા

ખેતી, સિંચાઈ અને 'નલ સે જલ' વ્યવસ્થા ગામના અર્થતંત્રની કરોડરજ્જુ ખેતી છે. ફળદ્રુપ જમીન ધરાવતા વાંકલાના ખેડૂતો મુખ્યત્વે ડાંગર, શેરડી, જુવાર અને શાકભાજીનું મબલખ ઉત્પાદન કરે છે. કાકરાપાર સિંચાઈ યોજના (ઉકાઈ ડેમ નહેર વિભાગ) મારફતે લિફ્ટ ઈરિગેશનથી ખેડૂતોને પૂરતું પાણી મળી રહે છે. સમયની સાથે કદમ મિલાવતા અહીંના ખેડૂતો ટપક સિંચાઈ પદ્ધતિનો પણ બહોળો ઉપયોગ કરતા થયા છે. પીવાના પાણી માટે 'જલ જીવન મિશન' (નલ સે જલ યોજના) અંતર્ગત ઘરે-ઘરે પાઈપલાઈન નાંખવામાં આવી છે. પંચાયત દ્વારા ૧૦ હજાર લિટરની ક્ષમતા ધરાવતી બે ઓવરહેડ ટાંકીઓ અને સિન્ટેક્ષની ટાંકીઓ ઊભી કરાઈ છે, સાથે જ ૩૦ હેન્ડપંપ અને ૨૫ બોરવેલ થકી જળ વ્યવસ્થાપન સુદ્રઢ કરાયું છે.

## ગામના ૭૦ ટકા આંતરિક રસ્તાઓ સી.સી. રોડ અને ૬૦ ટકા વિસ્તારો પેવર બ્લોકથી સજ્જ





વાંકલા ગામ આજે ગ્રામીણ વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. વાંકલા ગ્રામ પંચાયતના સતત અને ભગીરથ પ્રયાસોના પરિણામે ગામનો કાયાકલ્પ થયો છે, જેનાથી ગ્રામજનોનું જીવનધોરણ વધુ સુવિધાસભર બન્યું છે. સ્થાનિક ગ્રામ પંચાયતના આયોજનબદ્ધ કાર્યોના લીધે ગામના ૭૦ ટકા જેટલા આંતરિક રસ્તાઓ સી.સી. રોડ (સિમેન્ટ કોંક્રિટ)થી પક્કા બનાવી દેવામાં આવ્યા છે, જ્યારે ૬૦ ટકા વિસ્તારોમાં પેવર બ્લોક જડીને ગામને સુંદર અને સ્વચ્છ બનાવવામાં આવ્યું છે. ચોમાસા દરમિયાન રસ્તાઓ પર થતા કાદવ-કીચડમાંથી ગ્રામજનોને કાયમી મુક્તિ મળી છે. ઉપરાંત કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના' અને રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના'ના સફળ અમલીકરણ થકી વાંકલા ગામને આજુબાજુના વિસ્તારો સાથે પાકા માર્ગોથી જોડવામાં આવ્યું છે. વાંકલા ગામમાંથી તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા તેમજ નેશનલ હાઈવે-૫૬ને જોડતો મહત્ત્વનો માર્ગ પસાર થાય છે. ઉત્તમ રોડ કનેક્ટિવિટીના કારણે ગામમાં ગુજરાત એસ.ટી. નિગમની બસો તેમજ ખાનગી વાહનોની સતત અવરજવર રહે છે, જેથી ગ્રામજનો માટે પરિવહનની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ થઈ છે. પંચાયતની આ સરાહનીય કામગીરીથી વાંકલા ગામ અન્ય પંચાયતો માટે પ્રેરણાસ્રોત બન્યું છે.



## ગ્રામ પંચાયતનો સક્રિય વહીવટ

ગામના વિકાસમાં ગ્રામ પંચાયતની ભૂમિકા અત્યંત સરાહનીય રહી છે. સરપંચ દીપિકાબેન બીપીનભાઈ ચૌધરીના શાસનકાળમાં ગામમાં નવું પંચાયત ઘર, શિક્ષિત યુવાનો માટે લાઈબ્રેરી, ખેડૂતો માટે પિયતની વીજ સુવિધા, સી.સી. રોડ, પેવર બ્લોક અને સ્ટ્રીટ લાઈટ જેવી અદ્યતન સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત નવી માધ્યમિક શાળાની મંજૂરી લાવવામાં પણ પંચાયતનો સિંહફાળો રહ્યો છે.

## કાકરાપાર વિયર (ડેમ) સહેલાણીઓ માટે સ્વર્ગસમાન

દક્ષિણ ગુજરાતમાં જ્યારે મેઘરાજા મહેર કરે છે, ત્યારે પ્રકૃતિ પોતાનું સૌથી સુંદર અને આહલાદક સ્વરૂપ ધારણ કરે છે. આ ઋતુમાં તાપી નદી પર આવેલો કાકરાપાર વિયર (ડેમ) સહેલાણીઓ માટે સ્વર્ગસમાન બની જાય છે. ચોમાસા દરમિયાન ઉપરવાસમાં પડતા ભારે વરસાદને કારણે જ્યારે કાકરાપાર વિયર ઓવરટોપ થાય છે. ત્યારે આ નયનરમ્ય દૃશ્યો નિહાળવા એક અદભૂત લહાવો બની જાય છે. વિયર પરથી ધસમસતા વહેતા પાણીનો પ્રવાહ જોવા જેવો હોય છે. ડેમની પાળ પરથી દૂધની જેમ ફીણવાળું પાણી જ્યારે નીચે પડે છે, ત્યારે તેનો મધુર અવાજ વાતાવરણમાં ગૂંજી ઊઠે છે અને પાણીના પછડાટથી ઊડતા જળબિંદુઓ આસપાસના વાતાવરણને એકદમ ઠંડું અને ધુમ્મસિયું બનાવી દે છે. વિયરની આસપાસ આવેલી ગીચ અને લીલીછમ વનરાજી આ દૃશ્યમાં અનેકગણો વધારો કરે છે, જાણે કુદરતે લીલી ચાદર ઓઢી હોય તેવો અહેસાસ થાય છે. કાકરાપાર વિયરનું આ રૌદ્ર છતાં સુંદર સ્વરૂપ જોવા માટે માત્ર આજુબાજુના ગામોના જ નહીં, પરંતુ સુરત, વ્યારા, માંડવી, બારડોલી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો પોતાના પરિવારો અને મિત્રો સાથે ઊમટી પડે છે. આધુનિક સમયમાં આ સ્થળ યુવાનો માટે બેસ્ટ સેલ્ફી પોઈન્ટ બની ગયું છે અને પ્રકૃતિપ્રેમીઓ તથા ફોટોગ્રાફર્સ આ અદભૂત નજારાને પોતાના કેમેરામાં કેદ કરવા કલાકો સુધી અહીં સમય વિતાવે છે. એટલું જ નહીં, ઘણા લોકો અહીં ખાસ પ્રિ-વેડિંગ શૂટ, વિડીયોગ્રાફી અને રોજિંદા જીવનના તણાવમાંથી મુક્ત થઈને શાંતિનો અનુભવ કરવા માટે પણ આવે છે. વહેતા પાણીના અવાજ અને ઠંડા પવનની લહેરો વચ્ચે ગરમાગરમ ભજિયાં, શેકેલી મકાઈ અને ચાની ચુસ્કી લેવાનો આનંદ કંઈક અલગ જ હોય છે, જેનાથી આસપાસના સ્થાનિક લોકોને અને નાના વેપારીઓને સારી એવી રોજગારી પણ મળી રહે છે. જોકે, કુદરતનું આ સ્વરૂપ જેટલું સુંદર છે, એટલું જ જોખમી પણ સાબિત થઈ શકે છે, તેથી પાણીનો પ્રવાહ ખૂબ જ તેજ હોવાને કારણે સ્થાનિક તંત્ર અને પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. સહેલાણીઓને પાણીના ઊંડાણમાં ન જવા અને ભયજનક વિસ્તારોથી દૂર રહેવાની કડક સૂચનાઓ આપવામાં આવે છે, જેથી કોઈપણ અનિચ્છનીય ઘટના ટાળી શકાય.




## શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની તકો

ગામમાં શિક્ષણનું સ્તર ૬૦ ટકા જેટલું છે, જેમાં નોંધપાત્ર સંખ્યામાં લોકો શિક્ષક અને પોલીસ સેવામાં ફરજ બજાવી રહ્યા છે. પાયાના શિક્ષણ માટે 'વાંકલા અને રાજવાડ પ્રાથમિક શાળા' કાર્યરત છે, જ્યારે તાજેતરમાં જ 'વાંકલા કાકરાપાર માધ્યમિક શાળા (ધો-૯ અને ૧૦)' ને મંજૂરી મળતા તે શરૂ કરવામાં આવી છે. નાનાં બાળકો માટે વાંકલામાં ૨ અને રાજવાડમાં ૧ આંગણવાડી કેન્દ્ર મધ્યાહન ભોજનની સુવિધા સાથે ચાલી રહ્યાં છે. આરોગ્ય ક્ષેત્રે ગામમાં આયુર્વેદિક દવાખાનું આવેલું છે, જ્યાં સગર્ભા માતાઓની નિયમિત માસિક તપાસ થાય છે અને આસપાસના ગામના લોકો પણ તેનો બહોળો લાભ લે છે. ખેતી ઉપરાંત કેટલાક યુવાનો ૫ કિ.મી. દૂર આવેલી કાકરાપાર ટાઉનશિપમાં રોજગારી અર્થે જાય છે.



## શ્રી શાનેશ્વર મહાદેવ મંદિરનું ઐતિહાસિક અને પૌરાણિક મહત્ત્વ




કાકરાપાર નજીક વાંકલા ગામે તાપી નદીના પવિત્ર કિનારે બિરાજમાન શ્રી શાનેશ્વર મહાદેવ મંદિર અનોખું ધાર્મિક, ઐતિહાસિક અને પૌરાણિક મહત્ત્વ ધરાવે છે. સૂર્યપુત્રી તાપી માતાના સાંનિધ્યમાં આવેલું આ પ્રાચીન શિવાલય આસપાસના ગ્રામજનો અને ભક્તો માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે. આ મંદિરના પૌરાણિક ઉલ્લેખ અને નામકરણ પાછળની માન્યતાઓ મુખ્યત્વે 'તાપી પુરાણ' અને સ્થાનિક લોકવાયકાઓ સાથે જોડાયેલી છે. હિંદુ ધર્મગ્રંથો અનુસાર સૂર્યદેવની પુત્રી તાપી નદી એ શનિદેવ અને યમરાજની બહેન છે. પૌરાણિક દંતકથા મુજબ આ પવિત્ર તટે શનિદેવે ભગવાન શિવની કઠોર આરાધના કરી હતી. શનિદેવની તપસ્યા અને ભક્તિથી પ્રસન્ન થઈને મહાદેવ અહીં બિરાજમાન થયા હોવાથી આ શિવાલયનું નામ 'શાનેશ્વર મહાદેવ' પડ્યું હોવાની પ્રબળ માન્યતા છે. તાપી માતા (બહેન) અને શનિદેવ (ભાઈ)ના અતૂટ નાતાને કારણે, આ સ્થળે શિવલિંગની પૂજા-અર્ચના કરવાનું અને શનિદોષ નિવારણ માટેનું વિશેષ મહાત્મ્ય રહેલું છે. પ્રાકૃતિક સૌંદર્યથી ઘેરાયેલા વાંકલાના આ શિવાલયમાં પવિત્ર શ્રાવણ માસ, મહાશિવરાત્રી અને સોમવતી અમાસ જેવા ધાર્મિક પર્વોએ માંડવી પંથકનાં ગામોમાંથી મોટી સંખ્યામાં શિવભક્તો દર્શનાર્થે ઊમટી પડે છે. ભક્તો તાપી નદીમાં પવિત્ર સ્નાન કરી, શાનેશ્વર દાદાને જળાભિષેક અને બિલીપત્ર અર્પણ કરી ધન્યતા અનુભવે છે. અખૂટ કુદરતી રમણીયતા અને પૌરાણિક આસ્થાનો અદભુત સંગમ હોવાથી કાકરાપાર-વાંકલાનું આ મંદિર આજે પણ ભક્તોમાં અતૂટ શ્રદ્ધા અને શાંતિનું પ્રતીક બની રહ્યું છે.

(માહિતી સંકલન અને તસવીરઃ હિતેશ પટેલ, માંડવી)